# શ્રી અન્નપૂર્ણા ધામ-કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન

## પાટીદાર પરિવારોની વિશાળ ઉપસ્થિતિ : રાજ્યમાં છાત્રાલયો - હોસ્ટેલોમાં અભ્યાસ-આવાસ ઉપરાંતસર્વાંગી વિકાસના ગુણો વિકસાવતી બહુવિધ તાલીમ-જ્ઞાન આપવાની નેમ : શ્રીમતી આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા.૨૮
મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સર્વાંગી વિકાસની નેમ પાર પાડવા જ્ઞાતિ-ક્ષેત્રે યોગદાન તકો પૂરી પાડવા રાજયમાં છાત્રાલયો-હોસ્ટેલોમાં અભ્યાસ અને આવાસ સાથે કોમ્પ્યુટર જ્ઞાન, સ્પર્ધાત્મક પરિક્ષાની સખાવતીઓ દ્વારા સંચાલિત શાળા-કોલેજોમાં ઉત્કૃષ્ટ શિક્ષણ સહુલિયત ઉપરાંત શિક્ષણ-સંસ્કારિતાના ગુણો વિકસે તે માટેના સહિયારા પ્રયાસોને



સમાજોને કન્યા કેળવણી, બેટી બચાવો અને રૂઢિગત રિવાજોથી મૂકત થવા આહવાન કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના અડાલજ નજીક નિર્માણ પામી રહેલા અન્નપૂર્ણાધામ અને કન્યા છાત્રાલયના ભૂમિપૂજન વિશાળ સંખ્યામાં પાટીદાર પરિવારોની ઉપસ્થિતીમાં કર્યા હતા.

તેમણે અન્નપૂર્ણા માતા મંદિર સાથે છાત્રાલય જેવા જ્ઞાન મંદિરના સંકલ્પને આવકારતાં ઉમેર્યુ કે, શિક્ષણ-ખાસ કરીને કન્યા શિક્ષણનો વ્યાપ વિસ્તારવા સાથોસાથ બહુવિધ ભરતી માટેની પૂર્વતૈયારી, સુરક્ષા-પોલીસ દળોમાં ભરતી માટેની શારિરીક સજ્જતા જેવી ઈતર પ્રવૃતિઓ પણ રાજય સરકારે શરૂ કરાવી છે.

શ્રીમતી આનંદીબહેને સમાજ શ્રેષ્ઠીઓ-સખાવતીઓને મંદિરો-છાત્રાલયો-ભવનોના નિર્માણ સાથે અનાથ-તરછોડાયેલા-વંચિત બાળકોના પાલન-પોષણ અને શિક્ષણ સંસ્કાર સિંચનની જિમ્મેદારી ઉપાડી લેવા પણ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સમાજ વર્ગો-આવકાર્ય ગણાવ્યા હતા.

તેમણે સ્કીલ ડેવલપમેન્ટ કૌશલ્ય નિર્માણની પ્રેકટીકલ તાલીમ પણ આવી શાળા-કોલેજોમાં અભ્યાસ વર્ગોના સમયબાદ આપીને રોજગારલક્ષી કારકીર્દી ઘડતરનું દાયિત્વ નિભાવવા અનુરોધ કર્યો હતો. રાજય સરકાર આ દિશામાં પરિણામકારી પ્રયાસો કરી રહી છે તેમાં સમાજ સહયોગની અપેક્ષા તેમણે વ્યકત કરી હતી.

ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ રાજય મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલે અડાલજ ગામ ખાતે નિર્માણ થનાર શ્રી અન્નપૂર્ણા ધામમાં દાન કરનાર તમામ દાતાશ્રીઓને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે, પટેલ સમાજે સમાજમાં થનાર તમામ સકારાત્મક કાર્યોમાં સહકાર આપ્યો છે. અહીં નિર્માણ થનાર છાત્રાલયમાં



અન્ય સમાજની દીકરીને રહેવાની સુવિધા મળી રહેશે, આ ધામમાં અન્ય પણ પ્રોત્સાહક સામાજિક અને શૈક્ષણિક સેવા કાર્યો કરવા માટે દાનની જરૂર પડે તો ઉદાર હાથે દાન કરવા સર્વે સમાજબંધુઓને તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાત રાજયના આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ અમીને જણાવ્યું હતું કે, અડાલજ ગામની સીમમાં દાનમાં મળેલ ૪૫૦૦ ચોરસવાર જમીન પર શ્રી અન્નપૂર્ણા ધામનું નિર્માણ થનાર છે. શ્રી અન્નપૂર્ણા ધામમાં લેઉવા પાટીદાર સમાજના ભાઈ-બહેનોના શ્રધ્ધાતીર્થ સમા શ્રી અન્નપૂર્ણા માનું વિશ્વનું પ્રથમ પંચતત્વ મંદિર બનશે. તેમજ ૫૦૦થી વધુ કન્યા રહી શકે તેવું આધુનિક સુવિધાથી સજ્જ છાત્રાલય પણ આકાર પામશે. આ માટે અંદાજિત રૂપિયા ૨૫ કરોડથી વધુના ખર્ચમાં સહભાગી થવા માટે સમાજના બંધુઓને વધુમાં વધુ દાન કરવાનું આહવાન કર્યુ હતું.

સમારંભના અધ્યક્ષસ્થાનેથી ખોડલધામ ટ્રસ્ટ, કાગવડાના પ્રમુખ શ્રી નરેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ-અડાલજના પ્રમુખ શ્રી કુંવરજીભાઈ પટેલ, મંત્રી શ્રી નવનીતભાઈ પટેલ, ખજાનચી શ્રી હિતેશ બી. પટેલ અને સમાજના યુવા ભાઈ- બહેન કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

શિલાન્યાસ વિધિ પ્રસંગે રાજયના પૂર્વ મુખ્ય મંત્રી શ્રી કેશુભાઈ પટેલ, સરદારધામના શ્રી ગગજીભાઈ સુતરિયા, વસંતીબેન સુતરિયા, રાજયના વિવિધ વિસ્તારના ધારાસભ્ય સર્વે શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ, અશોકભાઈ પટેલ, રાઘવજીભાઈ પટેલ, પરેશ ધાનાણી, રાજયના પૂર્વ મંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી, પૂર્વ મંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફિયા, મહિલા આયોગ પંચના ચેરમેન શ્રી લીલાબેન આંકોલિયા, પૂર્વ ધારાસભ્ય શ્રી ધીરૂભાઈ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, ઝાયડસ - કેડીલા ગ્રૂપના શ્રી પંકજભાઈ પટેલ, વટવા જી.આઈ.ડી.સીના પ્રમુખ શ્રી બિપીનભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો ઉપસથિત રહ્યાં હતાં. ઝુંડાલ ગુરૂકુલના પૂજય પુરૂષોત્તમચરણ સ્વામી અને મેમનગર ગુરૂકુલના પૂજય બાલકૃષ્ણ સ્વામીએ આર્શીવચન આપ્યા હતા. શાબ્દિક સ્વાગત શ્રી અન્નપૂર્ણા ધામ અડાલજના સંયોજક અને સમાજના અગ્રણી શ્રી હિમાંશુભાઈ પટેલે કર્યુહતું. કાર્યક્રમના અંતે આભારવિધી ટ્રસ્ટના સંયોજક શ્રી જયેશભાઈ પટેલે કરી હતી.

# અડાલજમાં પ્રથમ પંચતત્વ મંદિર

અમદાવાદ,તા. ૨૮
ગુજરાત રાજયના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીને જણાવ્યું હતું કે, અડાલજ ગામની બહેનોને યોગ્ય માર્ગદર્શન મળી તેવા ઉમદા આશયથી વ્યવસાયિક તાલીમ કેન્દ્રનું પણ નિર્માણ કરવામાં આવશે. તેની સાથે સાથે સંકુલમાં ભોજનાલય,



સીમમાં દાનમાં મળેલ ૪૫૦૦ ચોરસવાર જમીન પર અન્નપૂણા ધામનું નિર્માણ થનાર છે. અન્નપૂર્ણા ધામમાં લેઉવા પાટીદાર સમાજના ભાઈ-બહેનોના શ્રધ્ધાતીર્થ સમા અન્નપૂર્ણામાનું વિશ્વનું પ્રથમ પંચતત્વ મંદિર બનશે. તેમજ ૫૦૦થી વધુ કન્યા રહી શકે તેનું આધુનિક સુવિધાથી સજજ છાત્રાલય પણ આકાર પામશે તે ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષા માટે સમાજના યુવા ભાઈ-વિશ્રામગૃહ, ફોટો ગેલેરી અને લાયબ્રેરી બનાવવાનું પણ આયોજન છે.

આ માટે અંદાજિત રૂપિયા ૨૫ કરોડથી વધુના ખર્ચમાં સહભાગી થવા માટે સમાજના બંધુઓને વધુમાં વધુ દાન કરવાનું આહવાન કર્યું હતું. સમારંભના અધ્યક્ષસ્થાનેથી ખોડધામ ટ્રસ્ટ, કાગવડાના પ્રમુખ નરેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું.

## શિલાન્યાસ વિધિ પ્રસંગે કેશુભાઈ પણ ઉપસ્થિત

શિલાન્યાસ વિધિ પ્રસંગે રાજયના પૂર્વ મુખ્ય મંત્રી કેશુભાઈ પટેલ, સરદારધામના ગગજીભાઈ સુતરિયા, વસંતીબેન સુતરિયા, રાજયના વિવિધ વિસ્તારના ધારાસભ્ય સર્વે બાબુભાઈ જમનદાસ પટેલ, અશોકભાઈ પટેલ, રાધવજીભાઈ પટેલ, પરેશ ધાનાણી, રાજયના પૂર્વ મંત્રી દિલીપભાઈ સંધાણી, પૂર્વ મંત્રી ગોરધનભાઈ ઝડફિયા, મહિલા આયોગ પંચના ચેરમેન લીલાબેન આંકોલિયા, પૂર્વ ધારાસભ્ય ઘીરૂભાઈ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, ઝાયડસ-કેડીલા ગ્રુપના પંકજભાઈ પટેલ, વટવા જી.આઈ.ડી.સીના પ્રમુખ બિપીનભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડભોડામાં રાત્રે ૧૨ વાગ્યે ઘરમાં ઘુસીને કિશોરીની છેડતી

## પડોશીના કૃત્ય અંગે પોલીસ ફરિયાદ : મોડી રાત્રે જ આરોપીની ધરપકડ કરી લેવાઈ

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર ડભોડા પાસેના એક ગામમાં ગઈ રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં એક યુવાન પડોશમાં રહેતી સગીર વયની કિશોરીના ઘરમાં ઘુસી ગયો અને હાથ પકડીને છેડતી કરતાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસ ફરિયાદ થતા ડભોડા પોલીસે મોડી રાત્રે જ પડોશી નરાધમ યુવાનની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી લીધી હતી.

મળતી માહિતી મુજબ ગઈ કાલે રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં ડભોડા પાસેના એક ગામમાં ૧૬ વર્ષની કિશોરીની છેડતીનો બનાવ બનવા પામ્યો હતો. પડોશમાં રહેતો યુવક વનરાજ ઉર્ફે માલો નામનો શખ્સ કિશોરીના ઘરમાં રાત્રે ઘુસી ગયો હતો અને તેણીનો હાથ પકડીને ચલ મારી સાથે કરી છેડતી કરી હતી. ઘટનાની જાણ કિશોરીના પિતાએ ડભોડા પોલિસ સ્ટેશનમાં કરતાં પીએસઆઈ પી.જે. સોલંકીએ યુવક સામે કલમ ૩૫૪, ૪૫૧, ૫૦૬/૨ અનો પોસકોની કલમ મુજબ ગુનો દાખલ કરી મોડી રાત્રે તે શખ્સની ધરપકડ પણ કરી લીધી હતી.

# ગુજરાતની ભાજપ સરકારે છેલ્લા દોઢ દાયકામાં વિનાશ કર્યો છે : કોંગ્રેસ

## ગાંધીનગર-શહેર જિલ્લા કોંગ્રેસે રાજયના વિવિધ પ્રશ્નોને લઈ કલેકટરને આવેદન પાઠવ્યું

ગાંધીનગર, તા.૨૮
ગુજરાતમાં છેલ્લા દાયકાઓમાં ભાજપની સરકારે વિકાસના નામે વિનાશ કર્યો છે. આ પરિસ્થિતિ સામે મૂક પ્રેક્ષક બની જોઈ નહિ રહે. પ્રજાની પડખે ઉભી રહેશે. પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં આવશે. શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. શિક્ષણના નામે રૂપિયા ખંખેરી ગરીબ પરિવારોનું જ્ઞાન છીનવાનો કારસો રચવામાં આવી રહ્યો છે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગુજરાતની જનતાની સાથે છેતરપિંડી કરવામાં આવી રહી છે. ખેડૂતોને કપાસના ભાવના કારણે આત્મહત્યા કરવાનો વારો આવ્યો છે તેવો આક્ષેપ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે. તેના વિરોધમાં આજે કલેકટરનો આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે સેકટર-૧૧થી કલેકટર કચેરી સુધી રેલી કાઢવામાં આવી હતી. ગુજરાતની ભાજપ સરકાર પ્રજાની અપેક્ષાઓને પુરી કરવામાં ઉણી ઉતરી છે ત્યારે કોંગ્રેસ

ભાજપની સરકાર યુવાનોને રોજગાર આપવામાં ઉણી ઉતરી છે. દોઢ દાયકામાં ગુજરાતમાં શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ ખુબ જ વધ્યું છે. ત્યારે નવી તકો કેમ સરકારી વધારી શકી નથી. ખેડૂતોને રૂ.૧૫૦૦ની જગ્યાએ રૂ. ૬૫૦ ભાવ આપવામાં આવ્યો તેના કારણે ખેડૂતોને આત્મહત્યા કરવી પડી.

સરકારે મા સરસ્વતીની પૂજા કરવાને બદલે સરસ્વતીના શિક્ષણને બજાર બનાવી દીધું. ગરીબ મધ્યમ વર્ગના બાળકોને પ્રાથમિકમાં નબળુ શિક્ષણ અને કમર તોડી નાખે તેવું મોંઘુ

મહાનગરોમાં ગેરકાયદેસર બાંધકામો અને બિલ્ડરો સાથે સાંઠગાંઠથી મધ્યમ વર્ગને કચડી નાખવામાં આવ્યો છે. દુકાનદારો પાર્કિંગની જગ્યામાં દુકાનો પકડાવી લુંટી લીધા છે. તેવા અનેક પ્રશ્નોને લઈને ગાંધીનગર કલેકટરને આજે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ, જશુભા રાણા, ધારાસભ્ય અમિત ચૌધરી, કોર્પોરેટર હર્ષજીત પંડયા, મુકેશ મારુ, રાજેન્દ્રસિંહ ચાવડા સહિત જિલ્લા અને શહેર કોંગ્રેસના આગેવાનો, કોર્પોરેટરો તેમજ એનએસયુઆઈ કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા.

# લારી-ગલ્લા, કેબિનધારકોને દુકાન ફાળવવા રજુઆત કરાઈ

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર શહેરમાં લારી-ગલ્લા ધરાવતા લઘુવેપારીઓને માઈક્રો દુકાન ફાળવવા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે મંત્રી નીતિનભાઈ પટેલને લેખિત રજુઆત કરી છે. શહેરના કયાંક ખુણામાં કેબિન મુકીને પેટીયુ રળતા કેબિન ધારકોને ન્યાય આપવા માંગણી કરી છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે કે પાટનગરમાં લારી-ગલ્લા કેબિનોનો પ્રશ્ન યક્ષ બની ગયો છે. બેરોજગારીના ખપ્પરમાં ધકેલાયેલા યુવાનો પેટીયુ રળવા માટે સરકારી જગ્યાનો ખૂણો પકડી લે છે. જ્યા નાનો પાનનો ગલ્લો મુકી રોજગારી મેળવતા હોય છે.

પરંતુ અવાર-નવાર દબાણના કારણે માંડ-માંડ ચાલતા ધંધામાં ગલ્લાધારકોને તગેડી મુકવામાં આવે છે. ત્યારે અનેક વખત નાગરિક પરિષદે કલેક્ટરની અધ્યક્ષતામાં યોજોયલ લોકદરબારમાં આ પ્રશ્નને ઉઠાવવામાં આવ્યો છે. પરંતુ તેનું નિરાકરણ લાવવામાં આવતુ નથી. પાટનગરમાં લારી-ગલ્લા કેબિન ધારકોને સેક્ટરમાં ચોક્કસ સ્થળો નક્કી કરીને માઈક્રો શોપિંગમાં દુકાન ફાળવવા રજુઆત કરવામાં આવી છે.

# જૈન સોશ્યલ ગૃપનું જયશ્રી કૃષ્ણ ડાર્લીંગ નાટક યોજાશે

જૈન સોશ્યલ ગૃપ અને આર્ટ લવર્સ ગાંધીનગર દ્વારા પલળવા અને ભીંજાવા વચ્ચનો ભેદ સમજાવતું કૌસ્તુભ ત્રિવેદી અને સંજય ગોરડીયા નિર્મિત મુંબઈનું જયશ્રીકૃષ્ણ ડાર્લીંગ નાટક રજુ કરવામાં આવશે. આગામી તા. ૧ થી ૩ જૂન દરમિયાન રાત્રે ૯.૦૦ કલાકે સેકટર-૧૭ સ્થિત ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે. નાટકમાં ટેલીવુડના જાણીતા કલાકારો દર્શન જરીવાલા, અર્ચના મ્હાત્રે, અતાહિતા, મુકુંદ પંચાલ, હેતલ દેઢિયા સહિત કલાના કામણ પાથરશે. હસી હસાવીને પેટ દુઃખાવતા નાટકને નિહાળવા ગૃપના સભ્યોને જણાવાયુ છે.

# ૧લી જૂને કર્મચારી ઉત્કર્ષ મંડળની બેઠક મળશે

ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળની સામાન્ય સભા યોજાશે. મંડળના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના સરકારી કર્મચારીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. સામાન્ય સભા તા. ૧ જૂન, સાંજે ૪.૩૦ કલાકે વિધાનસભા કેન્ટીનમાં યોજાશે. સભામાં કર્મચારીઓને હાજર રહેવા રહીમ મકવાણા, મગનલાલ પરમાર, અશ્વિન સીકલીગર, રમણલાલ વાઘેલા, જે.ટી. સિંધવ અને ડી.એમ. પરમારે આમંત્રણ પાઠવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૦

## તાપમાન

મહત્તમ : ૪૨.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. રણજીતસિંહ દશરથસિંહ ડાભી (ઉ.વ.૧૮) મુ. ચરેડી પાસે, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. નથુબેન દેવજીભાઈ ઠક્કર (ઉ.વ.૯૧) પ્લોટ નં. ૬૪૪, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ બચુભાઈ પટેલ (ઉ.વ.૪૮) મું. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર